**ઓપ્શન ટ્રેડિંગ માટે વધારાના જોખમ જણાવતાં દસ્તાવેજો**

**ઓપ્શન હોલ્ડર્સને જોખમ:**

1. એક ઓપ્શન હોલ્ડર સાપેક્ષ રીતે ટૂંકા સમયગાળામાં ઓપ્શન માટે ચુકવેલી સમગ્ર રકમને ગુમાવવાનું જોખમ ધરાવે છે. આ જોખમ ઓપ્શનના સ્વરૂપને પ્રતિબિંબિત કરે છે કેમ કે વેસ્ટિંગ એસેટ જ્યારે તેનો સમય સમાપ્ત થાય છે ત્યારે મૂલ્યરહિત બને છે. એક ઓપ્શન હોલ્ડર જે સેકન્ડરી માર્કેટમાં પોતાના ઓપ્શનને વેચી શકતો નથી કે તેની મુદ્દતની સમાપ્તિ પહેલાં તેને અમલમાં મુકી શકતો નથી તેથી ઓપ્શનમાં તેનું સમગ્ર રોકાણ અનિવાર્યપણે ગુમાવશે. જો ઓપ્શનની અંતર્ગત કિંમત તેની મુદ્દત સમાપ્ત થાય તે પહેલાં અપેક્ષિત પ્રમાણે બદલાય નહીં, તો ઓપ્શનનો ખર્ચ પૂરતાં પ્રમાણમાં આવરી લેવા માટે, રોકાણકાર ઓપ્શનમાં પોતાના રોકાણનો તમામ ભાગ કે નોંધપાત્ર ભાગને ગુમાવી શકશે.

2. એક્સ્ચેન્જ અમલમાં મુકવાના પ્રતિબંધો લાદી શકે અને ચોક્કસ સંજોગોમાં ચોક્કસ સમય પર ઓપ્શનને અમલમાં મુકવાનો પ્રતિબંધ લાદવાની સંપૂર્ણ સત્તા છે.

**ઓપ્શન રાઇટર્સને જોખમો:**

1. જો ઓપ્શનની અંતર્ગત કિંમત અપેક્ષિત દિશામાં બદલાય નહીં, તો ઓપ્શન રાઇટર નોંધપાત્ર રકમને ગુમાવવાનું જોખમ ધરાવે છે.

2. ઓપ્શન રાઇટર બનવાના જોખમને, સમાન અંતર્ગત હિત ધરાવતાં અન્ય ઓપ્શનને ખરીદીને ઘટાડી શકાય છે અને ઓપ્શન માર્કેટ કે અન્ય માર્કેટમાં પોઝિશનને સ્પ્રેડ કરીને કે અન્ય પ્રકારના હેજિંગ પોઝિશન મેળવીને આમ કરી શકે છે. આમ છતાં, રાઇટરે સ્પ્રેડ કે અન્ય હેજિંગ પોઝિશનને ધારે તો પણ, જોખમ હજી નોંધપાત્ર રહી શકે. એક સ્પ્રેડ પોઝિશન એ સાદી 'લોંગ' કે 'શોર્ટ' પોઝિશન કરતાં ઓછી જોખમી હોય તેમ જરૂરી નથી.

3. ટ્રાન્ઝેક્શન્સ કે જેમાં સંયુક્તમાં મલ્ટિપલ ઓપ્શન્સનું બાઇંગ અને રાઇટિંગનો સમાવેશ થાય છે, કે અંતર્ગત હિતમાં બાઇંગ કે સેલિંગ સાથે સંયોજનમાં ઓપ્શન્સને બાઇંગ કે રાઇટિંગનો સમાવેશ થાય છે, તેમાં રોકાણકારોને વધારાના જોખમો હોય છે. સંયુક્તમાં ટ્રાન્ઝેક્શન્સ, જેમ કે ઓપ્શન સ્પ્રેડ, તે એક ઓપ્શનનું બાઇંગ કે રાઇટિંગ કરતાં વધુ જટિલ હોય છે. અને તેની નોંધ લેવી જોઇએ કે, રોકાણના કોઇપણ ક્ષેત્રમાં, જટિલતાને સારી રીતે સમજી શકાતી નથી તે જાતે જ એક જોખમનું પરિબળ છે. જોકે આ સૂચવતું નથી કે સંયોજનનો વ્યૂ ધ્યાનમાં લેવો ન જોઇએ, કેમ કે ઓપ્શનના તમામ રોકાણોના કેસમાં, વિવિધ બજારના સંહજોગો હેઠળ સંયુક્ત ટ્રાન્ઝેક્શન્સના જોખમો અને સંભવિત લાભોના સંદર્ભમાં જે અનુભવી અને જાણકાર હોય તેવી કોઇ વ્યક્તિની સલાહ લેવી સલાહપ્રદ છે.